# સ્ટેટ વોટર ડેટા સેન્ટરમાં કયા પ્રકારના ડેટા રાખવામાં આવે છે ?

સ્ટેટ વોટર ડેટા સેન્ટર,ગાંધીનગરની કચેરીમાં વાતાવરણને લગતા ગુજરાત રાજયમાં આવેલ જુદાજુદા સ્થળોએ આવેલા હવામાન માપક સ્ટેશનો, વરસાદ માપક સ્ટેશનો, નદીના પ્રવાહ માપક સ્ટેશનો અને પાણીના ગુણવત્તાની પ્રયોગશાળામાં માપવામાં આવતા વિવિધ પેરામીટર તથા વાતાવરણને લગતા તાપમાન ,વાતાવરણમાં ભેજનું પ્રમાણ, પવનનો વેગ, પવનની દિશા વિગેરેને લગતા વર્ષો વર્ષના ડેટા રાખવામાં આવે છે.

વાતાવરણ સંબંધિત માહિતી :-

(૧) તાપમાન :–

મહત્તમ તાપમાન દિવસમાં બે વાર સવારના ૮-30 કલાકે અને સાંજના ૧૭-30 કલાકે

લઘુતમ તાપમાનમાં દિવસમાં બે વાર સવારના ૮-30 કલાકે અને સાંજના ૧૭-30 કલાકે

ડ્રાય બલ્બ તાપમાન દિવસમાં બે વાર સવારના ૮-30 કલાકે અને સાંજના ૧૭-30 કલાકે

વેટ-બલ્બ તાપમાન દિવસમાં બે વાર સવારના ૮-30 કલાકે અને સાંજના ૧૭-30 કલાકે

(૨) વાતાવરણમાં ભેજનું પ્રમાણ ડ્રાય બલ્બ તાપમાન અને વેટ બલ્બ તાપમાનના તફાવત પરથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ માપવામાં આવે છે

(3) પવનની દિશા અને ગતિ :-

દિવસમાં બે વાર સવારના ૮-30 કલાકે અને સાંજના ૧૭-30 કલાકે

(૪) વરસાદ - દિવસમાં એક વાર સવારના ૮-30 કલાકે, દર કલાકના વરસાદના આંકડા ગ્રાફ પરથી લેવામાં આવે છે અને તેની નોંધ દિવસમાં એકવાર સવારના ૮-30 કલાકે કરવામાં આવે છે.

(૫) નદીનો પ્રવાહ –

નદીમાં વહેતા પાણીના પ્રવાહ, પાણીની સપાટીનું લેવલ દિવસમાં ચાર વાર એટલે કે ૮-00, ૧૧-00, ૧૪-00 અને ૧૭-00 કલાકે પાણીના વહેણને માપવામાં આવે છે. પાણીની સપાટીનું લેવલ ગ્રાફ પરથી લેવામાં આવે છે.

(૬)પાણીની ગુણવત્તા -

નદીઓમાં પાણીની ગુણવત્તાને લગતા ડેટા લેવલ ૨ - લેબોરેટરીમાં કરવામાં આવે છે. ઉપરોકત તમામ ડેટા નીચેના સોફ્ટવેરમાં એન્ટ્રી કરી ચકાસાઇ કરી પ્રોસેસ કરવામાં આવે છે.

